ॐ परमातमाय नमः

શ્રી સોળંકી વિજય નાટકના ગાયનો.

શ્રી બહુચરાજી સત્ય સમાજ મંડળી માટે

રચનાર

સ્વામી રામપુરી ઉંકારપુરી ઉર્ફે મોહનલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ઘાંચી કેશવલાલ મગનલાલ.

તથા

કડીયા સકરાલાલ ભગવાનદાસ.

આવૃતિ પહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ ધી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૯ સને ૧૯૦૨

કીંમત ૨ આના

ॐ परमात्माय नमः

શ્રી સોળંકી વિજય નાટકના ગાયનો.

શ્રી બહુચરાજી સત્ય સમાજ મંડળી માટે

રચનાર

સ્વામી રામપુરી ઉંકારપુરી ઉર્ફે મોહનલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ઘાંચી કેશવલાલ મગનલાલ.

તથા

કડીયા સકરાલાલ ભગવાનદાસ.

આવૃતિ પહેલી.

અમદાવાદ ધી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીંમત ૨ આના

પાત્રોના નામ.

સુત્રધાર.................નાટકાચાર્યો
નટી.....................સુત્રધારની સ્ત્રી
વિજયસીંહ..........સોળંકી વંસનો રાજા તથા કાલરી ગામનો દરબાર
ચંદ્રપ્રભા...............વીજયસીંહની સ્ત્રી
સત્યવતી...............ચંદ્રપ્રભાની દાસી
તેજમલ............... { વીજયસીંહની પુત્રી પછી તળાવમા નાખ્યાથી પુત્ર થયો તે }
મહીપતસીંહ............પાટણનો રાજા
વિમળમતી..............મહીપતસીંહની રાણી
તેજબા.............. ...મહીપતસીંહની પુત્રી
શુરરાજ.... ....લુટારાનો સરદાર
ફુકડલાલ................એક તીરીબાજ જુગારી
મથુરચંદ...............એક લોભીયો વાણીઓ
મણીલાલ...............મથુરચંદનો છોકરો
વિલાસકળા............ફુકડલાલની રાખેલી નાયકા

તે સીવાય કંચનીઓ લસ્કર દરબારીઓ બારોટ સાહેલીઓ મુસાફરો વિગેરે વિગેરે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્રવેસ ૧—સુત્રધાર તથા નટી ઇશ્વર પ્રાર્થના

પ્રવેસ ૨—વિજયસીંહનો દરબાર પુત્ર વીસે અફ્સોસ કરવો તથા પ્રધાને ધીરજ આપી શાંન્ત કરવા.

પ્રવેસ ૩—ફુકડલાલનો કોઇક આંખોનાં આંધળાને ખીસાના તરને હૈયાના ફુટેલાને ફંદામાં નાખવાનો વીચાર ને જોગી થઇ ખોળવું.

પ્રવેસ ૪—વિજયસિંહનો રાણીવાસ, રાણી ચંદ્રપ્રભાનું પુત્ર વાસ્તે અફસોસ કરવું, દાસીએ સમજાવવું પછીથી વીજયસીંહનું પ્રવેશ થવું, રાણીને શાન્ત પાડવી, બને જણે ઇશ્વર પ્રાર્થના કરવી, પછીથી રાજાએ શીકારે જવા માટે રજા લેવી.

પ્રવેસ ૫—વિજયસીંહને લસકર લઇને સીકારે જવું.

પ્રવેસ ૬—સુરરાજ પોતાના તાબેદાર લુટારાવોને લઇ પાટણમાં લુટ કરી ગીરનાર તરફ રવાને થવું તે વીસેનુ વીવેચન.

પ્રવેસ ૭—મહીપતસીંહ પોતાનુ લસકર લઈ સુરરાજ લુટારાની ખોળમાં નીકળી પડવું.

પ્રવેસ ૮—જંગલમાં મહીપતસીંહ તથા વિજયસીંહની મુલાકાત તથા બનેની સ્ત્રીઓને ઓધાન રહેલું તે લગ્ન સબંધી વાત ચીત તથા એક એકને પરસ પરસ વચન આપવું.

પ્રવેસ ૯—વીજયસીંહની સ્ત્રીને પુત્રી થએલી પણ દાસીને પુત્રની

વધામણી આપવા રાણીનું મોકલવું તે વીસે દાસીએ ખોટું બોલવા બાબત અફસોસ કરવો.

પ્રવેસ ૧૦—વીજયસીંહની કચેરી પુત્ર સબંધી દાસીએ વધામણી આપવી કંચનીઓનો નાચ ખુશાલીની સાકર વેંચાવવી વીગેરે તથા ગાદી ગોરનું આવવું નક્ષેત્ર જોવા.

પહેલો અંક સમાપ્ત.

અંક બીજો.

પ્રવેસ ૧—પાટણ મધે બગીચા માહી તેજબા તથા સાહેલીઓ ગરબો ગાય છે પછી ઠઠા મશકરી વીગેરેની વાતો, તેજબાને પતી મળવા સબંધી વીચાર.

પ્રવેસ ૨—વિમળમતી તેજબાના લગન સબધી પોતાના પતી મહીપત સિંહને પુછવું, મહીપતસીંહે જંગલમાં વીજયસીંહ સાથે ઠરાવ કરેલો જાહેર કરવો, અને હાલરી ગામ પત્ર મોકલવો લગન સબંધી.

પ્રવેસ ૩—રામલો સોમલો વિઠલો તથા મેપલો રાજાને ત્યાં લગ્ન થાય છે તેથી ખુશી થવું ને મજા કરવી.

પ્રવેસ ૪—હાલરી ગામમાં સાહેલીઓ ગાય છે, અને જાનમાં જવાની તૈયારી, વીજયસીંહના પુત્રને પરણાવવા જવાનો ઠરાવ.

પ્રવેસ ૫—પાટણમાં મહીપતસીંહને ત્યાં લગનની ધામધુમ સાહેલીઓને ગાવું તથા તેજમલ સાથે તેજબાના લગન કરવાની ખુશાલી.

પ્રવેસ ૬—તેજબાને સાસરે દાસીઓ વળાવે છે તથા સીખામણ આપેછે વીગેરે.

પ્રવેસ ૭—મથુરચંદે હરામનો પૈસો ભેગો કરેલો ને હરામમાં ગયો તે સબંધી અફસોસ હરામનું હરામમાં જાય પાપી હાથ ઘસતો થાય.

પ્રવેસ ૮—વીલાસકળા ગુણકાનો મહેલ ફકડલાલને પ્રવેશ થવું પછીથી દારૂ પીને લાસ થવું વીલાસકળાએ કપડા ઉતારી લઇ કાળુ મો કરી ગટરમા નાખવું.

પ્રવેસ ૯—તેજબાનો મહેલ પછીથી તેજમલને પ્રવેસ થવું તથા નીરાસ થઇ ઇશ્વર પ્રાર્થના કરવી તેજબા અતીસે પ્યાર બતાવે છે તોપણ તેજમલ નીરાસ, અંતે પસતાઇને હું સ્ત્રી છું એવું તેજબા આગળ જાહેર કરવું.

પ્રવેસ ૧૦—તેજબા પોતાની સાહેલીઓ લઇ અફસોસ કરી પોતાના પીતાને મળવા જવા તૈયારી કરવી, અને સ્ત્રી સાથે પરણાવવા વીશે અફસોસ કરવો.

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો.

પ્રવેસ ૧—તેજબાને પાટણમાં પહોચવું અને ત્યાં પોતાની સખીઓને ઉદાસી માલમ પડવાથી પુછયું પછીથી વિજયસીહને તથા વિમળમતીને આવવું તેજબા પોતાના માત પીતા આગળ સ્ત્રી સાથે પરણવવાની હકીકત બતાવી દીલગીર થવું.

પ્રવેસ ૨—મહીપતસીહ દીલગીર થઇ ક્રોધાયમાન થઇ પોતાના જમાઇની પરીક્ષા લેવા પાટણ બોલાવવા વાસ્તે સીપાઇને બોલાવી કાસરી વીદાય કરવો.

પ્રવેસ ૩—પટાવાળાને કાલરી જવું અને કચેરીમાં કાગળ આપવો અ
ને તેજમલને સાથે લઇ જવા હકીકત જાહેર કરવી વિજય
સીહએ પોતાના પુત્ર તેજમલને સીપાઇ સાથે પાટણ રવા
ને કરવો.

પ્રવેસ ૪—પાટણમાં બગીચામાં ઉતારો આપવો ત્યાં રાજા મહીપત
સીહની દાસીઓએ સ્ત્રી છે કે પુરૂષ તે વીસે નહરાવવાનું
બાનુ કાઢી તેજમલને કહેવું તેજમલે નહવરાવવાની આના
કાની કરવી અને નાસવાનો વીચાર કરવો એટલામાં મહીપ
તસીંહને બાગમાં જઇ પોચવું અને સરદારોને પકડવા હુકમ
કરવો અને પકડતા પકડતા તેજમલએ ઘોડો કુદાવી નાસી
જવું

પ્રવેસ ૫—તેજમલે જંગલમાં તલાવડી ઉપર અફસોસ કરી પ્રભુ પ્રા
ર્થના કરવી પછીથી તળાવમાં નહાઇ કટારી ખાઇ મરવું
એટલામાં તળાવમાં કુતરી, તથા ઘોડીને લઇ નહાવા પેસવું
નહાયાથી કુતરીનો કુતરો થયો ઘોડીનો ઘોડો થયો અને
સ્ત્રી નો પુરૂષ થયો આસપાસ જોતા માતાજીનુ ત્રીસુળ ન
જરે આવ્યુ તેથી માતાજી પ્રસન્ન થયાં એમ જાણી માતાજી
ની સ્તુતી કરવી.

પ્રવેસ ૬—તેજમલ કાલરીમાં આવી પોતાના પીતાને પાટણની હકીકત
જાહેર કરવી, પછી પાટણ ઉપર ચડાઇ કરવી

પ્રવેસ ૭—પાટણ જઇ મહીપતસીંહ ઉપર વિજયસીહએ કોપાયમાન થવુ
મહીપતસીહે જાહેર કરવું કે મારી પુત્રી ભુલી ગઇ તેથી
માફ માગવી પછી તમામ ભેગા થઇ પરમેશ્વર પ્રાર્થના કરવી.

સમાપ્ત.

શ્રી સોળંકી વિજય નાટકના ગાયનો

ગાયન ૧ રાગ સમરામી સંકર ગીરજાપતી.

સુત્રધાર—ભજુ હુતો ભાવે સદા ભગવની,
ખડગ ચક્ર ત્રીસુલ ધારણી
મારણી, તારણી, ઉગારણી, સુભગતી. ભજુ
કાર્ય મુજ આ સફળ કરવા આપો માજી સુભમતી,
જીભ્યાએ મુજ પ્રસન થાજો આપ માજી સરસ્વતી,
રસના દાયક થજો અમને
સુભ મતી, તુજ ગતી, નવરતી, ફળથતી. ભજુ

નટી— ### ગાયન ૨ રાગ નવીન

નીસ દીન ધ્યાન ધરો શ્રી હરીનું જાસો મોક્ષ વાટે......જગતમાં
ખોટી માયા પડતી મુકી કરો ભગ્તિ સોર સાટે,........જગતમાં
ધન્ય ધન્ય શુરા, થજો સૌ ધર્મી પુરા.
સંકટ વખતે અભય વચન દે પરમારથી પુરા,..........જગતમાં
અધવચ લાલચને લટકાવે શીશ મુકે શુરા..............જગતમાં
સત્ય સત્ય સમજો, મિથ્યા અભીમાન નવ કરજો નીસ૦

દરબારીઓ— ### ગાયન ૩ રાગ નવીન.

નીપુણ ન્યાયમાં નગર નરેશા,
મહી પતી શુરવીર છોરે.

પ્રબળ સબળ સ્વધર્મે સુધીર,
રવી સમતો ધીર વિર છોરે;
સૌ દરબારી, તમ પર વારી.
જગ સરદારી, જોઇ હરખે,
છે જગ સારી, કિરતી તમારી;
ધર્મ કામમાં, એક સરખે.
તનનન તોમ તોમ, નાચ્યો કુદો રૂમ ઝુંમ, નીપુણ.

માણુબારોટ— કવિત ૪

રાણી જાએ રજપુત વો, ધન્ય પ્રતાપ સુધીર
મરતે લગ મજબુત રહ્યા, કનક ન હોત કથીર
માત પિતાને ભેજીએ, બનવા શે રઘુવીર
ધબરાયે નહી અંત વો, કનક ન હોત કથીર
અમીરાઇ જીસને કરી, વાહી કે પુત્ર અમીર
ખરમે હય ખપત નહી, કનક ન હોત કથીર
ચકોર ચંદ્ર તજત નહી, પિયે ન ચાતક નીર
શ્રેષ્ટ મીલે નહી નેષ્ટમે, કનક ન હોત કથીર
તજે ન શીયળ સુંદરી, તજે ઝેર નહી તીર
સેવતી સુગંધ તજે નહી, કનક ન હોત કથીર
પિંજારે કે પુત્ર સે, કયો હોવે બસવિર
બીન હાકમ કયા હાકમી, કનક ન હોત કથીર
તાડીમે જળ ભેળદો, તજે ન આપ ખમીર
કેદ્ર બસ કયા હુઇ, કનક ન હોત કથીર
બગલા ફુલ ફુલસે જલે, દેખ સુંદર શરીર

કહાસે લાવે કંઠ વો, કનક ન હોત કથીર
ધર્મ વિર મતી ધીરહો, દાન વિર શુરવીર
અચલ રહો અવની ઉપર, વિજયસીંહ સુ ધીર

વિજયસીંહ— ગાયન ૫ રાગ દક્ષીણી સાખી

ધીક ધીક જીંદગી મારી આ સારી
સુજ નથી કાંઇ પડતી
વાંઝીયા મુખથી કહે છે સૌ કોઇ
કર્મ પિંડા બહુ નડતી
સહાય ત્રીપુરારી, પુરો આશા હવે મારી

ધરમબુદ્ધી પ્રધાન— ગાયન ૬ રાગ સદર

ધીરજ ધરો મહારાજા મનથી
વિધીએ લખ્યું તે થાય.
કરોડ વિચાર કરી જુઓ પણ
ચાલે ન એક ઉપાય.
શાને શોચ કરો, દીલે વિચાર જરીતો ધરો

ગાયન ૭ રાગ હું તો કેસો ખબડદાર.

ફુકડલાલ તીરીબાજ જુગારી—

હુંતો ઠગાઇનો કરનાર, પાસે પૈસા નહી લગાર
કરૂ અહીં મારો રાજગાર, દાવ પડસે સઘળા પાર
હું લોભીયાનો સરદાર, ભારે મારો છે વેપાર
આવે હાથ કોઇ ગમાર, ત્યારે તગદીરતો ખુલનાર

ભાઈ આવો — અહાહા
ધુમ મચાવો — અહાહા
સોનુ બનાવો — અહાહા
દારૂ ઉડાવો — અહાહા
બનુ હું બાત્રો — અહાહા
કિમીયો બનાવો — અહાહા

દાસી સત્યવતી—ગાયન ૮ રાગ સુંદીર શામળીઆ.

રટણ કરે રમણી, મનમા રહેત ઉદાસી
પ્યાસી પુત્ર તણી, પ્રેમદા દેહ સુકાસી
હરનીસ રટણ કરે, શ્રીહરીનું
થસે સહાય, અવિનાસી — રટણ
દ્રોપદીના ચીર પુરો, અહલ્યાને ઉગારી
તારો મીરાબાઈ ખાસો — રટણ

ચંદ્રપ્રભા રાણી—ગાયન ૯ રાગ અબ ચલેન મોહન તેરા.

દીધું કલંક (૨) પ્રભુ મને ભારી, સહાય થજો તમો મોરારી.
કરૂ વિનન (૨) દેહ તજુ મારી, સહાય થજો તમો મોરારી.
નવ મેણું એ દુ ખમાય, વાંઝીયા મેણું મોટુ હાય.
કરૂ હાય હવે શો ઉપાય, જીવ ઘભરાય, મન મુંઝાય.
દેહ તજુ હાય, દાસી પ્રીય મારી, સહાય થજો તમો મોરારી.

વિજયસીંહ—ગાયન ૧૦ રાગ જલદી કહેને તુ પ્યારી મારી

પ્રીય કેમ દીસો છો ઉદાસ
આવી કહો પાસ, કહો પાસ, કહો પાસ. — પ્રીય

કોણે કિધું વચન, તેનું કર વિઘન.
કહોને કહોને લાવી ઉલ્લાસ. પ્રીય

ચંદ્રપ્રભા—ગાયન ૧૧ રાગ શાણી સુખ જગતમાં શું.

કહુ કર્મ તણી શી કહાણીરે
બધુ રાજ ને પાટ ધુળધાણીરે
ધીક પુત્ર વિના જીંદગાનીરે
સ્વામી મારા સુખ કયારે પ્રભુ આપસેરે. કહુ

સાખી.

સંસારમાં જન્મ લઇ, એળે ખોયો અવતાર.
વાંઝીયા મુખથી સૌ કહે, કોઇ આવે નહી મુજ દ્વારરે
સ્વામી મારા સુખ કયારે પ્રભુ આપસેરે. કહુ

ગાયન ૧૨ રાગ પુર્ણ થયો છે ખેલ.

વીજયસીંહ તથા ચંદ્રપ્રભા—

આશા પુરો મારી ઓ જગ દેના, આશા પુરો મારી
ગજ અને ગ્રાહ લડયા પાણીમાં, સહાય થયાછો મોરારી. ઓ.
બળતી અગનીમાંથી પહેલાદ ઉગાર્યો, તાપ અડયો ન લગારી ઓ.
થંભ ફાડી હરણાકશ માર્યો, નરસીંહરૂપ ને ધારી ઓ.
ભીલડીના બોર સુદામાના તાંદુળ, રૂચી ખાધા ગીરધારી ઓ.
દુરીઓધનના મેવાને ત્યાગી, શાક ખાધુ વિદુરનીજ ધારી ઓ.
કૌરવ પાંડવ યુધ થયું ત્યારે, કૌરવ માર્યા વિચારી ઓ.
ભરી સભામાં લજ્યા તો રાખી, ઉગારી દ્રૌપતી નારી ઓ.
સેવક તમારી વિનંતી કરે છે, પુરજો આશા અમારી ઓ.

લસકર— ગાયન ૧૩ રાગ ઇંગ્રેજી.

બોલો જય જય જય જય કરીને પોકાર
લઇ તલવાર, આનીવાર, સૌ સરદાર, કરો શીકાર.
બોલો જય જય જય જય, કરીને પોકાર
કરો જંગ, મચે રંગ, ચાલો સંગ, પીયો ભંગ
બોલો જય જય જય જય, કરીને પોકાર.
ખંજર બિછવા બંદુક, કરશો નહી ભુલચુક. બોલો.

મથુરચંદ— ગાયન ૧૪ રાગ સુજાત અમો વાંણીઆ

સુજાત અમો વાણીઆ, દુનીઆમાં સૌથી સુજાત
પૈસો ટકો મુજ પાસે ઘણો છે, હવે નથી કાંઇ ખાંત. સુજાત
પરમેશ્વરે બે છોકરા આપ્યા, મોટો નીકળ્યો કમજાત. સુજાત
ઘરમાંથી બહુ ચોરી કરીને. આપે રાંડોને ખરીખાંત, સુજાત

સુરરાજ— ગાયન ૧૫ રાગ ઇંગ્રેજી.

લાવ્યો માલતો અપાર, લુટી સેઠ સાહુકાર
હુછુ ચોરોનો સરદાર, શુરવિર
લુટું હાટ ને બજાર, કરૂ કેકને ખુવાર
મારૂ મોટાવોને ઠાર, ધરીધીર
તાબે ચોરછે હઝાર, લાવી ભરેછે ભંડાર
હુંછું સૌનો સરદાર, ધીરવિર

મહીપતસીંહ—ગાયન ૧૬ રાગ જાવોજી જાવો કીસ નાદાન.

શુરરાજ ખુનીને મારૂ હું ક્રોધ ધારી
બતાવી ગ્યો જોર ભારી, કરૂ હું તેની ખુવારી શુર.
દાવ પેચ, કપટ જાળ, ભરી છે સૌ મારા તનમાં

નીચ તારો આવ્યો કાળ, જાણુજે તુ તારા મનમાં
મારૂં હુંતો, નોચે માર, પકડીને તેને સંહાર શુર.

શામંત— ગાયન ૧૭ રાગ દુષ્ટો તુર્કોને મારશુ.

અમો દુષ્ટો ચોરોને મારશુ તલવાર અમો
શુ જુવો છો રાજા શીરછત્ર નામદાર
સર્વેને જલદી હુકમ આપોદો સરકાર
લડવા સર્વે સુરા છે તૈયાર (૨) દુષ્ટો.
શુ વિચારો રાજા ક્ષત્રીઓના નેક ટેકથી
શુરરાજ ખુનીને, શુરરાજ ખુનીને
કરસુ જલદી હાર દુસ્ટો

સરદારસીંહ— ગાયન ૧૮ રાગ જેણે ધર્મ તજ્યો પોતાનો

તમો વિનતી સુણો મહારાજા
આવે મળવા અમારા રાજા તમો
ધરમ કરમમાં પુરા પ્રાક્રમી
વિજયસીંહ અમ રાય
એ તો આવે પ્રીતે આંય આવે

મહીપતસીંહ— ગાયન ૧૯ રાગ જોવા ને જાવો ને ભાઇ

આવો ને આવો ને મીત્ર મારા
વિજયસીંહ મારા પ્રાણુથી પ્યારા
તમ દરશણુથી સુખી થનારા આવોને

ગાયન ૨૦ રાગ આજ્ઞા સધે સીરધારી

હું છુ તમારો આભારી, ઓ મીત્ર મારા. હુંછુ
સદા, સારી, રીતે, થાવો સદા સુખકારી, એ

રાજ તાજ તપે ભારી, જગતમાં કીરતી પસારી
પ્રીતી રાખી બહુ સારી, ઓ મીત્ર મારા હું

સત્યવતી— ગાયન ૨૧ રાગ શું કામ તણી બલીહારી

શુ કર્મ તણી ગતી ભારી
આવ્યુ સંકટ સીરપર ભારી. શુ કર્મ
પુત્રી પેદા થઇ વીજયસીંહ ઘેરે
કહેવા મોકલી રૂડી પેરે
કહેજો પુત્રનું નામ વિચારી. શુ કર્મ

કંચનીઓ—ગાયન ૨૨ રાગ પનીયા ભરન કેસે જાવું સખી મેં

રતીયાંકી બાતાં કેસે કહુ સખી મે (૨)
ખેલત, કુદત, રમત, ગમત, કરત, દીન રાત. કેસે
ચલો સખી સબ મીલે મોહનકો
નહી રોકત, નહી ટોકત
દેખેકી સાથ સબ પ્યારસે લીપટીએ. કહુ
હીલ મીલ ચલે સબ જલ ભરનેકો
આયો મોહન, પ્યારો મદન
લીપટ ઝીપટ મોરી કમરીયા લચકાઇ. કેસે

સત્યવતી— ગાયન ૨૩ રાગ ગુલાબી મહુપાજો

રાજાજી સુણો વિનતી અમારી આજ
કર્યું ઇશ્વરે સફળ સૌ કાજ રાજાજી
પુત્ર પેદા થયો ઘેર તમારે, સીર તણો સીરતાજ
રંગીલો, રસીલો, હસીલો, છબીલો. રાજાજી

સહુ નગરમાં વેચો વધામણી સાકર વેંચો આજ
હશીથી, ખુશીથી, રંગેથી, રસેથી. રાજાજી

વીજયસીંહ— ગાયન ૨૪ રાગ અરે લાલદેવ ઇશ તરફે

અરે પ્રધાન મારા બની કેવી વાત
પુત્ર થયો પેદા અરે સાક્ષાત
આશા અમારી પુરી ઇશ્વરે
દયા સીંધુ વિભુજીએ કૃપા કરીરે
સાકર સૌ નગરમાં જલદી વેચાવો
રાજ જોસી જલદી બોલાવીને લાવો

ગાદીગોર— ગાયન ૨૫ રાગ શારદુલ વિક્રીડિત

શાન્તી સૌ જગમાં સદા થઇ રહી, આનદ છાઇ રહ્યો
વ્યાપી જય જય કાર તુજ ઉપરે, ગુલાબ ખીલી થયો
રહેજો અમર રાજ તાજ તુજનું, આસીશ આપુ ઘણી
કરશે સુખ સદાય ઇસ તુજનું, મુખેથી વાણી ભણી

ગાયન ૨૬ રાગ દક્ષીણી સાખી

પુરો પ્રાક્રમી પુત્ર તમારો થાસે જગમાં સુરો
ધર્મ નીતીમાં નીપુણ રહેશે
એકે વાતે નહી અધુરો
હરી સહાય થસે, સુખ શાન્તી વીશુ કરશે

અંક ૨ જો.

તેજબા તથા સાહેલીઓ— ગાયન ૧ રાગ ગરબી

સાખી

સોભે રજની સોહામણી, આપે તેજ પ્રકાશ
ઉજવળતા જોઇ હરખીએ, વિરહણી નાખે નીશાશ
બની બહાર તે અપાર, સખી આજનીરે લોલ
મારૂ મનતો મુઝાય, પ્યારી સજનીરે લોલ
શોભે, મન લોભે, દીલ થોભે
કંચુકી કસો કારમીરે લોલ

સાખી

પ્રેમદા રંગ ઉછરંગમાં, નાંખે સ્વાસ નીસાસ
હરીયાળી ભુમી ભલી, સુંદીર સુગંદી સુવાસ
મોગરો માલતી કેવી ખીલી છે
ગુલાબ ગુલદાવદીની બહાર બની છે
આપે સુગંધ અપાર, મોહ્યું મન મારૂ સજની

સાખી

સૈયર ફરીએ પ્રેમથી, હરખી સૌ સંગાથ
લળી લળી આપો તાળીઓ, પ્રીતે હાથો હાથ
વીધ વીધ ભાતના ગજરા ગુંથાવું
પ્રેમ ધરી પતી પ્રભુને ચડાવું
ભાવે ભજુ ભગવાનરે, આશા પુરશે મોરારી

તેજબા— ગાયન ૨ રાગ નવીન

મન ગમતા ક્યારે મળશે, મુજ મનની મમતા ટળશે

સાહેલી–તુજ ચીત હવે ચળ ચળશે, તુજ આશા સર્વે ફળશે
સરમાય શું, ગભરાય શું, ભમાય શું, લોભાય શું
તુજ વિરહ હવે વળ વળશે, મન ભ્રમીત ભાવમાં ભળશે
તેજબા–વીચારતુ, લગારતું, નાદારતું, ધીકારતું.
મુજ આશા ઇશ્વર પુરશે, મુજ હૃદય વાસમાં બળશે

સાખી.

વીરહ વેદના બહુ પીડે, સુજે નહી હવે કાંય
સાહેલી–શાંન્ત થાતુ સુલક્ષણી, શ્રી હરી કરશે સહાય
મન પ્રેમ પાઠ જ્યારે કરશે, તુજ ચાત ત્યારે તો ઠરશે
તેજબા–લાચારછું, બેજાર છું. ગમાર છું, નાદાર છું, મન

ગાયન ૩ રાગ નવીન

સાહેલી—જોને વેલી, પ્રેમ છકેલી, હાં હાં, કેવીરે ઉતાવળી
તેજબા—છટ છટકેલી, મનમાં મેલી, હાં હાં, કેવીરે ચબાવલી
સાહેલી—લાજુ લાડી, વહારે, વહારે, વહારે
તેજબા—કે મનડામાં. લાગે લહાયરે, લહાયરે
સાહેલી—શરમાતી કરે શું ચાળા. ભણેલા મદન શાળા.
તેજબા—મરમ વચન સીદ બોલે તુ
સાહેલી—એ એ ડોલે તું
તેજબા—અએ બોલે તું
સાહેલી—વહારે, વિરહણી બાળા
તેજબા—પુર સમજ્યા વિન ભુરી પાડે તું..........જોને વેલી

વિમળમતી— ગાયન ૪ રાગ અરે જોસી જલદી કહે

અરે પ્રાણ મારા, કહુ એક વાત
ઉમર યોગ પુત્રી, થઇ સાક્ષાત
લગ્ન માટે નીશ્ચય કરવો   અરે
આશા સર્વે, આપણી પુરી ઇશ્વરે
લઇએ ખુબ લાવો, એ થયો વિચાર
માટે રાજ જોસીને કરો તૈયાર

મહીપતસીંહ— ગાયન ૫ રાગ મેતો શાહુજાદેકુ ઢુંડન

પ્રીય મારી હવે નહી, દીલગીર થા
લગ્ન સબંધો મેં નક્કિ કરયું છે
પત્ર પહોચાવું જલદી ત્યાં   પ્રીય
વિજયસીંહના પુત્ર સાથે
ઠરાવ કર્યો મેં, જંગલમાં   પ્રીય
લગ્ન સબંધી, સાંમગ્રી મંગાવું
માડવો રચાવું, પ્રીતે અહીંઆં   પ્રીય

ગાયન ૬ રાગ મીત્રો આજ કેવી છે લહેર

રામલો—ભઇઓ આજ કેવી છે લહેર, લાડુ ખઇસુ રૂડી પેર
સોમલો—થઇ છે ઇશ્વરની તો મહેર, પછી ઉડાવીશુ ખુબ લહેર
મેઘલો—પોતીયું પાઘડી અને પિછોડી, ઓઢી જઇશુ આજ
વિઠલો—ઇનામ મળશે આપણુને બહુ, પ્રસન્ન થયા મહારાજ
અહાહા ઓહોહો   ભાઇઓ

સાહેલીઓ— ગાયન ૭ રાગ ધોળ

કેવો સુભ સમય દીન આજનો
આજે પરણે સોલંકી કુમાર, આનંદ દીન આજનો
વાજા અનેક પ્રકારના વાગે છે
મનભાવ-ઉમંગ નમાય, આનંદ દીન આજનો
પુત્રી રૂડી છે, પરમારની
લેવા જાય સોલંકી કુમાર, આનંદ દીન આજનો
દેસ દેસના રાજવી આવશે
સોભા જામસે અપરંપાર, આનંદ દીન આજનો
રૂપ ગુણ તણા બંને પુર છે
મળી સરખા સરખી જોડ; આનંદ દીન આજનો

શાહેલીઓ— ગાયન ૮ રાગ વિહીવાનો

માલણુ ગુંથીલાવ ગુણીઅલ ગજરો
તારા ગજરાનો આપીશ મજરો માલણુ
ગુંથ ચંપો ચંબેલીને મોગરો
આપે સુંદીર સુગંધ સુવાસરે માલણુ
જાઇ જુઇને સેવતી નાખજે
ગુલદાવદી સાથે ગુલાબ માલણુ

સાહેલીઓ— ગાયન ૯ રાગ વહાલી તું તો હવે જાય

બેની તમો સુખે જાઓ સાસરે
સુંઝાશો નહી જરા તમો મનડાની માય. બેની
પતી તણી પુજા પ્રેમે કરજો
શાંન્તી કરશે વમોને બહુચરમાય. બેની

સસરા સાસુ માત પીતા સમજાણુજે
પ્રાંતે સેવા એમની કરજો સદાય એની
દુઃખ સુખ દીલે સરખું જાણીએ
કાગળ પત્ર અમોપર લખજો સદાય. એની

મથુરચંદ—ગાયન ૧૦ રાગ સીવાજી સુરવીર પ્યારા મારા

નીચ કૃતે મેળવેલા પૈસા, નીચ કામમાં જાય
અધર્મ કરી મેળવેલી લક્ષ્મી, સુભ રસ્તે કેમ વપરાય
ધર્મ કામમાં પૈ નવ દીધી, બહુ પસ્તાવો થાય
છાતી ઉપર બાંધીને ફરતો, તોયે ગયું તે હાય
શુ કરૂ અરે, જીવ મારો બહુ ફરે,
શું કરૂ ઉપાય, તેથી મન મુજ ડરે.

વીલાસકળા **ગાયન ૧૧ રાગ છોડો છોડો છબીલા**

ગુણકા—આવો આવો છબીલા મારા નેણે વસીલા
પ્યારા રસીલા મુજ દીલદાર
વહાલા પ્રીત તણા છો ભંડાર
શાણા હૈયા કેરા મુજ હાર
ફુકડલાલ—વાહવા વાણી રસીલી તારી, ચેહેરો ચમકાવે પ્યારી
હૈયા કેરી મુજ હાર
તેંતો મારી છે નેન કટાર
કીધો ઘાયલ મને તો અપાર વાહવા
વીલાસકળા—તન મનથી માળા જપું, આપ તણી પ્રીય સ્યામ
સુખ સમ્રધી આપની, મુજ મનના વિસરામ
રમો રંગે હસીલા, મારા હૈયે વસીલા

તમો સલુણા સુંદીર સ્યામ
કરો મોજ મજા તો તમામ
રટુ હરનીસ તમારૂ હું નામ　　　　　　આવો

મદનકળા તથા પ્રેમકળા— ગાયન ૧૨ રાગ પુંજુ હું તો પ્રીતે બહુચરમાત

ગુલાબી મધુ પીયોને દીલદાર
છો હૈયા તણા મુજ હાર, આપો આનંદ સુખ અપાર　ગુલાબી
સુંદીર પ્યાલો પ્રેમનોરે, પીવો તમો દીલદાર;
પાવુ પ્રીતે આપનેરે, આપે સુખ અપાર,　　　　ગુલાબી
છેલ છબીલા પ્રાણુ મારા, ગુણ તણા ભંડાર;
પ્યાલો સ્વરગનો સાથીડોરે, શીશો દુખ હરનાર.　　ગુલાબી

તેજબા— ગાયન ૧૩ આજ સ્યામ મોહીલીનો

આવોને પ્રાણુ માહરા, જપુ હુ સદા તમને
જપું હુ સદા તમને, શાન્તી પમાડો અમને.　　આવોને
કામ રૂપ પુરણુ જ્ઞાન, કામદેવ મુકે ભાન
દાસી છુ હુ અજ્ઞાન, આપો આનંદ મુજને.　　આવોને
સુરપુર છો સુજાણુ, જપુ હું જાપ પ્રીય પ્રાણુ
વદોછો મધુરી વાણુ, સુધા ભુજાવો તનને.　　આવોને

તેજમલ— ગાયન ૧૪ રાગ ઓ રઢીયાળા રઘુવીર

ઓ જગ તાતા, તારો એક આધારજો
સરણે આવ્યા બાળકને સંભાળજોરે
શું કહુ કથની, કર્મ તણી કીરતારજો
તુજવીન મુજને નથી હવે આધારજોરે

આવ્યું દુઃખ વાદળ સીરે આજ મારા
સુઝે ન ઇલાજ ઝુરે દીન હારા
દયા દીલે લાવો, અરે નાથ મારા
પહેલાદ જેવા ભક્તોને સહાય થનારા
સતી દ્રૌપતીના, પુર્યાં હતાં તમે ચીરજો
દુખત ગજને સહાય થયા રઘુવીરજોરે
નીજ બાળક પર, દયા કરો રણુ ધીરજો
મુજ મન વસીયા સુંદરીર સ્યામ શરીરજોરે

તેજબા— **ગાયન ૧૫ રાગ રસીયા રસીક સરદાર**

વહાલા દીલદાર, પ્યારા સરદાર
હૈયાના હાર, બોલો ભરથાર
સલુણા, સુંદીર સરદાર, ગુણી કુમાર, કરોને પ્યાર
કરૂણા, કરો કીરતાર, હૈયાના હાર, બની બેજાર,
બોલો, બોલો, બોલો, બોલો,
સદા સુખકાર, ઇચ્છુ હું નાર
દયા રાખનાર, તમો દીલદાર

તેજમલ— **ગાયન ૧૬ રાગ ભેરવની ઠુમરી.**

આવી આવી દશા ખોટી આવી
સુઝ પડે નહી મુજને કાંઇ
મા બાપે દીધો દુસાવી. આવી
પગભર મુજને ચેન પડે નહી
શું કરૂ રહુ શરમાવી આવી
સહાય કરોને આવી મોરારી
નીજ બાળક લીચોને બચાવી. આવી

તેજબા— ગાયન ૧૭ રાગ હસી હસી બોલોવાળા

રસીયા રીસાવો શાને છબીલા શરમાવો શાને
કરગરી કહુ પ્રીતમ તમને
હસીલા છોગાળા બેઠી જપે બાળા, કરો શા આ ચાળા
આ આ આ પ્રાણપતી રસીયા.
પ્રીતીની હું ક્યારી, દયા અમપર ધારી, વીનતી સ્વીકારી
આ આ આ પ્રાણપતી રસીયા.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

સાહેલી— ગાયન ૧ રઢીઆળા રઘુવીર

બાઇ મારી ગુણ ગંભીર
શાણી રાણી શુર વિર
સિદને ઉદાસ થઇ. બાઇ
પ્રિત ધરી વાત કહો
શાંન્તી મન માહી લહો
સહાય થાસે રઘુવીર બાઇ

તેજબા— ગાયન ૨ રાગ પ્રીત કેવી લાગી પ્રેમથી.

દુઃખ વાદળ છાયું સીરપરે (૨)
સુઝે નહી મને કાંઇરે દુઃખ
કરૂ શું હું સજની મારી
મુઝાઇ ને મરૂ.
પ્રભુ સહાય કરો મુનેરે દુઃખ

સાહેલી—　ગાયન ૩ રાગ પીયાકો સંદેસો કહીયા

અરે બેન રાખો ચેન દીલે તો ખરે
શારૂ કરે ઇશ્વરે　　　　　　　　　અરે

સાખી—ધીરજ ધરો મન વીશે, સહાય થસે જગતાત
માત તાત અહીં આવશે, કહેજો સઘળી વાત
સુણી બાળા ધીરજ ધરો, શાન્તી મન માંહી કરો
જગ તાતને ઉચરો, દયા સીંધુએ છે ખરો
બાને કહેજો સર્વેરે.　　　　　　　　　અરે

તેજબા—　　ગાયન ૪ રાગ ઇંગ્લીસ

કહું શું વાત, દુઃખની માત, નારી સાથ, મને પરણાવી
નથી કુમાર, છે એ નાર, દુઃખ દરીએ મને ડુબાવી
બળ્યો અવતાર, મારો ધીક્કાર, હૃદય હોળી મુજ સળગાવી.
હું સ કુમાર, થઇ લાચાર, પરભવ પાપ, મળ્યું આવી

વિમળમતી—ગાયન ૫ રાગ ચીત લાગ્યું જોગીરાજથી

બેની ધીરજ ધરો મનમાય
જગ રાય કરશી તુને સહાય　　　　　　　　　બેની
વાત તારી બધી સમજી, વહાલી મારીરે
એને જલદી તેડાવું ઇયાંહ.　　　　　　　　　બેની

તેજબા—　　ગાયન ૬ રાગ મારૂ જોબન વિતીજાય

મારૂ મન બહુ મુંઝાય માતુ કયા જઇ ઠરૂ
કયા જઇ ઠરૂ હું તો, ઝેર ખાઇ મરૂ.　　　　　　　　　મારૂ

વિમળમતી—

શાન્તી ધરતુ દીકરી મારી, હાલ એને તેડાવું

મુજ પિતાને વાત કરી, એની પરીક્ષા લહેવરાવું
નહેવરાવું એને ઉઘાડો કરી ત્યારે દીલ ઠરે   મારૂં

મહીપતસીંહ— ગાયન ૭ રાગ બાઇ જાઓ.

અરે જાવો, અતીનીચ પ્રપંચીને પકડી
ઝકડી અહીંયા લાવો   અરે
છળ કપટ કરીને તેણે, કન્યા અમારી લોપી એણે
તે પાપીને જલદી અહીંયાં લાવો   અરે

શુરસીંહ— ગાયન ૮ રાગ તહીં નહી પામી સકાય.

જાવું જલદી બોલાવાને ત્યાય   જાવું
હુકમ આપનો સીરે ઉઠાવી ઝટ બોલાવી લાવું
ત્યારે શાંન્ત મન થાય   જાવું
સીદ શોક તમો કરો મહારાજા, જાઉ એને અહીં લાવું
ક્ષણુ એકમાં જઇ હું પહોચું, જરા નહી ઘબરાવું   જાવું

શુરસીંહ— ગાયન ૯ રાગ લાવણી.

કરૂ વિનંતી હે મુજરાય સીયો દીલધારી
આવ્યો તેડવા આપ કુમાર કરો તૈયારી
મુજ મહીપતરાય બોલાવે તેમને આજે
મન લાવી હોંસ અપાર કરો સુભ કાજે
માટે કરશો નહી તમો વાર ચાલો મુજ સાથે
પુરે મનના મનોરથ આપ સદા જગનાથે

વિજયસીંહ—ગાયન ૧૦ રાગ શીવાજી શુરવીર પ્યારા મારા.

પુત્ર અમારા શુરા વિરા જાવો જલદી આ વાર
પાટણ મધ્યે ફિરતી ગજાવો આનંદ પામી અપાર

તેજમલ—આપ વચન હું સીરે ઉઠાવી જાઉ હાલને હાલ
વિજયસીંહ—ભલે પધારો પુત્ર અમારા જોઇ ઉપજે વહાલ
સાહેલીઓ— **ગાયન ૧૧ રાગ બોલો બોલોને હાંહાંરે.**

ચાલો ચાલોને (૨) બેનીઓ સાથ કુંવર નહવરાવા
લીઓ લીઓને (૨) જળપાત્રો હાથ કુંવર નહવરાવા
બગીચા અંદર આપ્યો ઉતારો જઇએ જલદી ત્યાંયરે
પરીક્ષા જોવી એની આપણે ત્યારે શાન્ત પમાય   કુંવર
નર છે કે નારી એતો કરવી એની તપાસરે
મહીપત રાજાનો હુકમ ઉઠાવી જઇએ એની પાસ કુંવર

સાહેલીઓ— ગાયન ૧૨ રાગ નમેલી ઝુકેલી નારી ચાલે.

રસીલા છબીલા તમો રંગીલા કુંવરજી નહાવા જલદી ચાલો
નહવરાવા સૌ આવી દાસીઓ હર્સ ધરી મન મહાલો
તમો ચાલો ચાલો જલદી ચાલોરે
તેજમલ—કેમ ઝાલો ઝાલો મુજને ઝાલોરે
સાહેલીઓ—ઝટ ચાલોરે
તેજમલ—નવ ઝાલોરે
નહી આવું, નહી આવું, નહી આવું, નહી આવું. રસીલા

તેજમલ— ગાયન ૧૩ રાગ ઈંગ્રેજી.

શું કરો વિચાર હું નથી તાબેદાર જાઓ રંડા બહાર
અહીંથી ઝટ ઝટ ઝટ
ધીકરે નાદાર થાવો શું ગમાર નીકળો અહીંથી બાર
તગો સટ સટ સટ

મહીપતસીંહ—જુએ શું સરદાર પકડો આ ગમાર નાસે શું નાદાર
તુને ફટ ફટ ફટ
તું નથી ક્ષત્રી બાળ, મને દીસેછે સોયાળ સીંહ સામે ભરે ફાળ
આજ છટ છટ છટ

ગાયન ૧૪ રાગ સાચો સાહેબ જગ કીરતાર.

તેજમલ—સહાય થજો જગદાધાર, તમો ઉતારો ભવપાર
નથી મારે એક આધાર, મરી જાઉં ખાઇને કટાર
સતી દ્રૌપતીના ચીર તો પુર્યા, ઉગારી અહલ્યા નાર તમો
પહેલાદ જેવા ભગતોને તાર્યા, વસ્યા છો થંભ મોઝાર તમો
ભગત વછળ પ્રભુ ભાવ ધરીને, ચડયાછો પાંડવોની વાર તમો
નીસદીન ધ્યાન ધરૂ હુંતો તારૂ, નથી એકે આધાર તમો
નીજ બાળકપર રહેમ કરીને, વારે ચડોને મોરાર તમો
અદભુત રચના તારીછે જગમા, કરૂણા કરો કીરતાર તમો

તેજમલ— ગાયન ૧૫ રાગ સુંદીર શામળીયા.

મનહર માતાજી, સહાય થયા તમો મુંજને
કરૂણા ખુબ કરી, સેવક નમે નીત તુજને મનહર
સંકટ સમયે સહાય કરી તમે, પુરશાતન આપ્યું અમને મનહર
અકળગતી મેં જાણી તારી, ઉગારી લીધો મુજને મનહર
વીશ્વ વિસે છે અકળગતી તુજ, પામર જાણે શું મનને મનહર

તેજમલ— ગાયન ૧૬ રાગ અશ્વ દોડાવો.

પ્યારા પીતાજી સતવર તમો થાવો હવે તૈયાર
ક્ષત્રી બચ્ચાની લાજ લેવા બેઠો નીચ આચાર; પ્યારા
મુજ મન કેરા પુર્યા મનોરથ માજીએ આ વાર
નીચ અધરમા ચડી ગયો છે કરતો નથી વિચાર પ્યારા

વિજયસીંહ— ગાયન ૧૭ રાગ ક્ષત્રી કહીં

ઓ નીચ અધરમી ચંડાળ, ક્ષત્રીની લાજ લેવા બેઠોરે
આવ સીંહ સામો સુ શીયાળ ક્ષત્રીની
નીચ પાપી છે તુજ બાગ ક્ષત્રીની
આવ્યો નજીક હવે તુજ કાળ ક્ષત્રીની
ધીક ધીક છે તને ચંડાળ ક્ષત્રીની
કાપે બેસવાની તું ડાળ ક્ષત્રીની

મહીપતસીંહ— ગાયન ૧૮ રાગ કામી શુ ના કરે

શાન્તી મનમાં ધરો, ઓ શાણા સજ્જારે; શાન્તી
જુઠુ બોલી ભાગા મારા, પ્રપંચ કીધો એણે ભારી
ગુનો માફ કરો. શાન્તી
અભાગી ભુલી એછી જાણો, આપ કુંવરતો છે બહુ શાણો
મનના તાપ હરો શાન્તી
હમણા એને સાથે વગાવું, પછી આન ઘરમાં જઇ ખાવું
ધીરજ દીલમાં ધરો શાન્તી

સર્વ— ગાયન ૧૯ રાગ ઇંગ્લીસ

ઇશ્વર અમપર તારો છે ઉપકાર
માનીએ મનમાં તારો આભાર
સદાય સહાય શ્રી મોરાર
સેવક જનોની ચડજો વાર
તાર નાર, ઉગાર નાર
જય જય જય

સમાપ્ત.

અગાઉ ગ્રાહક થનાર સદગ્રહસ્થોનાં નામ.

અમદાવાદ કાળુપર.

૨૬ ઘાંચી છગના મગનલાલ
૨૫ ઘાંચી ચુનીલાલ અંબારામ
૨૫ સલાટ ભીખાભાઇ મોહનલાલ
૧૬ સોમા રણછોડ રાયજી
૧૦ કડીયા ખેચર કરસન
૧૦ ખમાર ચુનીલાલ મોહનલાલ
૧૦ કડીયા ચુનીલાલ કરસનદાસ
૧૦ કડીયા મણીલાલ ખેચર
૫ ખમાર કેશવલાલ મગનલાલ
૫ કડીયા ભોગીલાલ રણછોડ
૫ કડીયા બાપાલાલ ભગાન
૫ ઘાંચી મોતીલાલ સોમચંદ
૫ કડીયા જમના હરીલાલ
૫ શા મંગળદાસ ભોગીલાલ
૫ ખત્રી મોતીલાલ દોલતરામ
૫ કંદોઇ અમરતલાલ મોહનલાલ
૫ ખમાર ભોગીલાલ મગનલાલ
૫ કરાળીઆ અબદેરહેમાન ગુલા-
મહુસેન
૫ ભાવસાર સકરાલાલ મગન
૪ ઘાંચી મગનલાલ નાનશા
૭ પોસ્ટમેન સાંકળચંદ અમરતલાલ
૨ ખમાર જમનાદાસ સાંકળચંદ
૨ ખમાર અમ્રતલાલ મગનલાલ
૨ સુતાર રામદાસ મંછારામ
૨ કડીયા મગનલાલ હરીલાલ
૨ ખમાર કેશવલાલ રણછોડ
૨ કડીયા દલસુખ મુળજી
૧ ઘાંચી ડાહ્યા મુળચંદ
૧ ઘાંચી ચુનીલાલ છગન
૧ ઘાંચી મફત કરસનદાસ
૧ શા માણેકલાલ મગનલાલ
૧ રાવલ જેસીંગ રણછોડ
૧ લવાર ગીરધર અમરતલાલ
૧ ઘાંચી મણીલાલ અમ્રતલાલ
૧ ઘાંચી નાના નથુ
૧ કાછીયા ચકુભાઇ છોટાલાલ

હરીયાપુર ઘુમસાવાડ

૧૦૦ ઘાંચી બાપાલાલ ભોળાનાથ
૫ પટેલ ભોગીલાલ ગોરધન
૫ કડીયા જેઠા હરીલાલ
૫ કડીયા ગંગાલાલ છોટાલાલ
૫ કડીયા દલસુખ રણછોડ
૫ કડીયા મથુર ગોવીંદ

૫ મીસ્ત્રી અમ્રતલાલ મંછારામ
૨ કડીયા સકરલાલ છગનલાલ
૨ કડીયા મંગળ ચકુ
૧ કડીયા મણીલાલ જમનાદાસ
૧ કડીયા સોમનાથ જીવરામ

શાહપુર.

૧ પટેલ આશારામ પરશોતમ

કારંજ.

૨૫ ઘાંચી વ્રજલાલ અંબારામ

રતનપોળ.

૧૦ કંદોઇ ચંદુલાલ બાલુભાઇ

માણેકચોક માંડવીની પોળ તથા સાંકડીશેરી

૫ શા ડાહ્યાભાઇ ખુશાલદાસ
૧ જગજીવન માણેકલાલ
૧ ઘાંચી છોટા દલસુખ

આસ્ટોડીયા.

૫ ઘાંચી ચમનલાલ મગનલાલ
૫ ઘાંચી ડાહ્યા ભગવાન
૨ ઘાંચી પરશોતમ કેશવલાલ

સારંગપુર.

૮ એજંટ ઘાંચી ભગવાન લલુ
૧૬ ખમાર ભોગીલાલ બાપાલાલ
૨ સુતાર છગનલાલ ગોવીંદજી
૧ ઠાકોર નાથાલાલ છગનભાઇ
૧ ભાવસાર ચુનીલાલ વીઠ્ઠલદાસ
૧ ઘાંચી મણીલાલ ચુનીલાલ
૧ ઘાંચી ડાહ્યા સાંકળચંદ
૧ શા છોટાલાલ ભગવાનદાસ
૧ ગોલા નાથા મનસુખ
૧ ઘાંચી સાંકળચંદ નથુ
૧ ખમાર મણીલાલ નરોતમ
૧ ખમાર જીવણ પાનાચંદ

ખાડીઆ તથા પાડાપોળ.

૨ પટેલ ત્રીભોવન મોહનલાલ
૨ પટેલ પાનાચંદ ઇશ્વર
૨ પટેલ નારણદાસ ગંગારામ
૨ પટેલ ત્રીકમ જોઇતારામ
૨ પટેલ ચમનલાલ ચુનીલાલ
૨ પટેલ મોતીલાલ મનુભાઇ
૧ શા ચમનલાલ પુંજાલાલ

પીરાણા.

૨ સૈયદ પીરસાહેબ જાફરઅલી

સુરત.

૩૦ જોસી માણેકલાલ મગનલાલ

કડી.

૧ ખમાર ત્રીકમલાલ છગનલાલ
૧ શા ચુનીલાલ મોહનલાલ
૧ શા કેશવલાલ દલસુખ

રોહ.

૧ માસ્તર ગણપતરામ લક્ષ્મીચંદ

જાહેર ખબર

અમારી પાસેથી નીચે મુજબ કીમતની ચોપડ બહાર પડી છે માટે જે સાહેબોને જોઇતી હોય તે નીચેના સરનામા પ્રમાણે રોકડી કીંમતે મંગાવી

જૈન રત્નમણી ગાયન સંગ્રહ	૦—૨—૦
શ્રી બહુચરાજી વિજયના ઓપેરા	૦—૨—૦
શ્રી સોળંકી વિજયના ઓપેરા	૦—૨—૦
વિચાર તરંગના ઓપેરા	૦—૨—૦
કનક સુંદરીના ઓપેરા	૦—૨—૦
પતીવ્રતા જયમણીના ઓપેરા	૦—૨—૦
શુરવીર જયમલના ઓપેરા	૦—૨—૦
બહુચરાજી વિજય ભાગ બીજાના ઓપેરા	૦—૨—૦

ઉપર લખેલી ચોપડીઓ નીચેના સરનામેથી રોકડી કીંમતે મંગાવી લેવી નાટપેડ કાગળ લેવામાં આવશે નહી.

સ્વામી રામપુરી ઉંકારપુરી ઉર્ફે મોહનલાલ
ઠે. કાળુપુર ભંડેરી પોળ કાયતવાડામાં.
મુ. અમદાવાદ

ઘાંચી કેશવલાલ મગનલાલ
ઠે. કાળુપુર ધુપેલવાળાની પોળ સામે
મુ. અમદાવાદ

કડીયા સકરાલાલ ભગવાન
ઠે. કાળુપુર ભંડેરી પોળ કાયતવાડા કડીયાની ખડકી અંદર
મુ. અમદાવાદ

શા. જેસીંગલાલ કરમચંદ
ઠે. મહાલક્ષ્મીના પાડામાં—પાટણ.
ઉપરના લખેલા સરનામે અમારી ચોપડીઓ મળશે.